
વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

September -2025

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :
**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**
ભાવનગર - ૩૬૪ ૦૦૧.



# પ્રમાદ- એક મહારિપુ !!

- પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

પ્રમાદ ચોર છે. આત્મધનને ચોરે છે. અથવા પ્રમાદ મહારિપુ છે, મહાન દુશ્મન છે, છૂપો દુશ્મન છે. એ છૂપી રીતે આત્માને ખબર ન પડે એ રીતે આત્માનું અહિત કરે છે. એ ત્વરાથી નહીં કરવાના પરિણામમાં પ્રમાદનું અસ્તિત્વ નિશ્ચિત થાય છે, સમજાય છે કે અહીંયાં પ્રમાદ છે. એ પ્રશ્ન આપણે કોઈવાર વાંચનમાં ચાલે છે કે તો પછી બીજું ક્યારે કરવું? આત્માનું કાર્ય ત્વરાથી કરવાનું પ્રકરણ જ્યાં ચાલે છે ત્યાં બીજું ક્યારે કરવું એ પ્રશ્ન તને ઊઠે છે તો બીજા કાર્યો અનંત કાળથી તું કરે છો એમાં આત્માનું ક્યારે કરવું એ પ્રશ્ન કેમ ન ઊઠ્યો? હવે અમારો પ્રશ્ન છે. તારા પ્રશ્નના ઉત્તરરૂપે અમારો પ્રશ્ન છે કે, તું અનંતકાળથી બીજું બીજું જ કરે છો - આ દેહની પળોજણ કરી, કુટુંબ પરિવારની પળોજણ કરી અને અનેક પ્રકારના બાહ્ય કાર્યો, સમાજની અને બીજી બીજી પળોજણ તેં ઘણી કરી તો એમાં એ પ્રશ્ન કેમ ન ઊઠ્યો કે હવે આત્માનું ક્યારે કરવાનું? આ તો અનંતકાળથી કરીએ છીએ તો આત્માનું ક્યારે કરવાનું ? એ પ્રશ્ન કેમ નથી ઊઠતો? અને આ કાર્ય કરવાનું, ત્વરાથી કાર્ય કરવાનું આવે છે ત્યારે તને એમ થાય છે કે તો પછી બીજું અમારે ક્યારે કરવું? બીજું તું કાંઈ કરી શકતો નથી.

પહેલાં તો એમ નક્કી કર કે કોઈ બીજું કાર્ય તું કરી શકતો નથી. કોઈ પરપદાર્થમાં તારો સ્પર્શ, તારી પહોંચ નહીં હોવાથી કોઈ પરપદાર્થના કાર્યો તું કરી જ શકતો નથી, એ કરવાની શક્તિ જ તારા આત્મદ્રવ્યમાં નથી અને સ્વભાવે કરીને જો તો તું વિભાવને પણ સ્વભાવમાં કરી શકતો નથી. કર્તાબુદ્ધિએ વિભાવમાં વિભાવ કરે છો એ મોટું અનિષ્ટ છે અને એ અનંત સંસારનું બીજ છે, પણ સંસારના અભાવ સ્વભાવી, વિભાવના અભાવ સ્વભાવી સ્વભાવને જો તો એ સ્વભાવમાં તું વિભાવને પણ કરી શકતો નથી. આવું કર્તાકર્મનું પ્રકરણ છે અથવા કર્તાકર્મની આ ચરમસીમા છે કે કોઈપણ દ્રવ્યનું કે ભાવનું કર્તૃત્વ જ મિથ્યાભાવ છે. કોઈને કરવાનો પ્રશ્ન નથી.


(પ્રવચનાંશ...'બહેનશ્રીના વચનામૃત'-૧૫૪, 'અધ્યાત્મ સુધા'ભાગ-૪, પ્ર.ક્ર.-૧૧૨, તા.-૪-૭-૧૯૮૭, પાનું-૩૮૨,૩૮૩)

*

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૧ : અંક–૩૩૩, વર્ષ–૨૭, સપ્ટેમ્બર–૨૦૨૫


## પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી 'પરમાગમસાર' માંથી ચુંટેલા 'કહાનરત્ન કિરણો'



જે વિકલ્પ ઊઠે છે તેને ધર્મી જાણે છે, વિકલ્પ છે તેને ધર્મી જીવ કરતો તો નથી. પણ વિકલ્પ સંબંધી જે જ્ઞાન થયું તેનો કર્તા વિકલ્પ નથી. રાગ આવે છતાં રાગ છે માટે રાગ સંબંધીનું જ્ઞાનીને જ્ઞાન થાય છે તેમ નથી. રાગને ને જ્ઞાનીના જ્ઞાનને જ્ઞેયજ્ઞાયકસંબંધ છે. છતાં રાગ છે તે જ્ઞાનનો કર્તા નથી. ૧૬૬.

*

આનંદરસકંદ પ્રભુનો આસ્વાદ આવ્યા વિના અશુદ્ધભાવ છૂટતા નથી. ને અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના સ્વરૂપનો અનુભવ થતો નથી. રાગની એકતાના સંસ્કાર છૂટ્યા વિના શુદ્ધસ્વરૂપનો અનુભવ થતો નથી. ને શુદ્ધસ્વરૂપનો અનુભવ થયા વિના રાગની એકતાના સંસ્કાર છૂટતા નથી. મહિમાવંત એવા પ્રભુનો મહિમા આવ્યા વિના તુચ્છતાના–પામરતાના સંસ્કાર છૂટશે નહીં. ને તુચ્છતાના–પામરતાના સંસ્કાર છૂટ્યા વિના મહિમાવંત પ્રભુની મોટાઈ લાગશે નહીં. તેથી અશુદ્ધતા જાય ને શુદ્ધતા થાય તે એક જ કાળે છે. ૧૬૭.

*

પોતે અંતરમાં નથી જઈ શકતો તેનું કોઈ કારણ તો હોવું જોઈએ ને? અનંત ગુણનો અપાર મહિમાવંત પ્રભુ છે તેમાં ન જવાનું કોઈ કારણ તો હશે ને?– કાં પરનું અભિમાન, કાં રાગનું અભિમાન, કાં પોતે ક્યાં અટકે છે તેની ખબર નથી (વગેરે.) તેથી અંતરમાં જઈ શકતો નથી. ૧૬૮.

*

'આત્મા જ્ઞાનમાત્ર છે' તેમ કહેતા આત્મા શરીરરૂપ નથી, વાણીરૂપ નથી, પુણ્ય–પાપરૂપ નથી ને એક સમયની પર્યાયમાત્ર પણ નથી. 'આત્મા જ્ઞાનમાત્ર છે' તેમ કહેતાં જ્ઞાન દર્શન, અકાર્યકારણ,

ભાવ આદિ અનંત શક્તિમય આત્મા છે. પ્રભુ! તારા ઘરની શી વાત! તારામાં અનંતી શક્તિઓ ભરી પડી છે ને એક-એક શક્તિ અનંત સામર્થ્યવાન છે, એક-એક શક્તિ અનંત ગુણોમાં વ્યાપક છે, એક-એક શક્તિમાં બીજી અનંત શક્તિનું રૂપ છે, એક-એક શક્તિ બીજી અનંત શક્તિમાં નિમિત્ત છે. એવી એક-એક શક્તિમાં અનંતી પર્યાય છે, તે પર્યાય ક્રમે ક્રમે થતી હોવાથી તે ક્રમવર્તી છે. તથા અનંતી શક્તિઓ એક સાથે રહેતી હોવાથી તે અક્રમવર્તી છે. એ અક્રમવર્તી ને ક્રમવર્તી ગુણ-પર્યાયનો પિંડ તે આત્મદ્રવ્ય છે. દ્રવ્ય શુદ્ધ છે, ગુણ પણ શુદ્ધ છે તેથી તેની દૃષ્ટિ કરતાં પરિણમન પણ શુદ્ધ જ હોય. ૧૬૯.

*

જ્ઞાનમાત્ર વસ્તુ છું એવી દ્રષ્ટિ થતાં પર્યાયમાં જીવત્વશક્તિનું પરિણમન થયું તેની સાથે જ્ઞાન-દર્શન-આનંદ અકાર્યકારણત્વ આદિ અનંતી શક્તિની પર્યાય ઉછળે છે - પ્રગટ થાય છે.

પ્રશ્ન :- ઉછળે છે એટલે શું?

ઉત્તર :- દ્રવ્ય વસ્તુ છે, તેમાં અનંતી શક્તિઓ છે, એક શક્તિનું જ્યારે પરિણમન થાય છે ત્યારે અનંતી શક્તિની પરિણતિ એક સાથે ઉત્પન્ન થાય છે તેને ઉછળે છે એમ કહેવામાં આવે છે. ૧૭૦.

*

અતીન્દ્રિય આનંદની મૂર્તિ સ્વરૂપ ભગવાન આત્માના અનુભવ માટે નિમિત્ત કે વ્યવહારરત્નત્રયના રાગના અવલંબનની બિલકુલ જરૂર નથી, કેમ કે પોતાના શુદ્ધ સ્વરૂપને જીવ પોતે પોતાની મેળે અનુભવવા સમર્થ છે. ભગવાનની વાણીથી અનુભવ થાય કે ગુરુના ઉપદેશથી અનુભવ થાય એમ છે જ નહીં. પોતાની મેળે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવાના સામર્થ્ય વડે જીવદ્રવ્ય શોભાયમાન છે. પોતે પોતાની મેળે શુદ્ધ સ્વરૂપને અનુભવતો થકો સમસ્ત જગતના સાક્ષીભાવે શોભા પામે છે, માટે પરની કે રાગની અપેક્ષા વિના તારા શુદ્ધ સ્વરૂપને તું અનુભવ. ૧૭૧.

*

અનુભવની વિધિનું વર્ણન કરતાં આચાર્યદેવ કહે છે કે જીવદ્રવ્ય પોતાની મેળે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવાને સમર્થ છે. રાગની મંદતા હતી કે ઘણાં વ્રત-તપ આદિ કર્યા તેથી આત્મજ્ઞાન થયું તેમ નથી. પોતાના સ્વરૂપનું જ્ઞાન ન હતું ત્યારે અજ્ઞાનપણે વિકારના ભાવને વેદવા-અનુભવવા સમર્થ હતો એવો જીવદ્રવ્ય પોતે પોતાની મેળે પોતાના શુદ્ધદ્રવ્યને અનુભવવા સમર્થ છે, પણ અજ્ઞાનીને નિજદ્રવ્યની કિંમત નથી. ૧૭૨.

*

આનંદના સ્વભાવને અનુભવવા સમર્થ થયો ત્યારથી સમસ્ત જગતનો સાક્ષી થઈ ગયો. પર ચીજ મારી છે એવી દૃષ્ટિ છૂટી થઈ છે તેથી તેનો સાક્ષી થયો છે, પર મારું ને હું તેનો એ માનવું છૂટી ગયું છે ને સકળ પરદ્રવ્યનો જાણનશીલ થયો છે. અરે! પરમાત્મા હોય તો પણ હું તો તેનો જાણનાર છું, અને સ્ત્રી-પુત્ર આદિ હોય તેનો પણ હું જાણનાર છું, તેઓ કોઈ મારાં નથી. મારું શું છે? - કે જ્ઞાન ને આનંદસ્વરૂપ તે હું છું - તેમ પોતાની ચીજનો પોતાથી અનુભવ કરે છે અને પોતાની ચીજથી ભિન્ન ચીજનો જાણનાર રહે છે. ૧૭૩.

*

સાધક જીવ પરદ્રવ્યરૂપ દ્રવ્યકર્મ, પરદ્રવ્યરૂપ ભાવકર્મ–દયા–દાન આદિ ભાવકર્મ અને શરીરાદિ પ્રત્યે ઉદાસીન છે, કેમ કે શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં તેને શુદ્ધ ચૈતન્ય ઉપાદેય છે. ધ્રુવને ધ્યાનમાં લઈ જ્યારથી આત્માનો અનુભવ થયો ત્યારથી તે જીવ પોતાના પૂર્ણાનંદ સ્વરૂપને ઉપાદેય જાણતો હોવાથી રાગાદિ વિકલ્પ ઉઠે તેના પ્રત્યે ઉદાસીન છે. ૧૭૪.

*

પોતાના સ્વરૂપને જાણતા નથી એવા અજ્ઞાની જીવો રાગ સાથે એકતાબુદ્ધિ કરીને 'રાગ મારું કર્તવ્ય છે' – એવી અજ્ઞાનપણે કર્તાકર્મની પ્રવૃત્તિ કરી રહ્યા છે. રાગ સાથે એકત્વપણું માન્યું છે પણ જ્ઞાયક પ્રભુ એકરૂપ થયો નથી. રાગની એકતાબુદ્ધિ એ અજ્ઞાનનો અભ્યાસ છે ને રાગથી ભિન્ન પડીને જ્ઞાયકનો અભ્યાસ તે ધર્મનો અભ્યાસ છે – જ્ઞાનનો અભ્યાસ છે. ૧૭૫.

*

પ્રશ્ન :– હમારે લિયે ઈસ ચક્કરસે છૂટનેકે લિયે કોઈ રાસ્તા નહિ હૈ?

ઉત્તર :– પરથી ભિન્ન છું તેવું ભેદજ્ઞાન કરવું તે જ એક સંસારના ચક્કરથી છૂટવાનો રસ્તો છે. બીજો કોઈ દુઃખથી છૂટવાનો રસ્તો નથી. ૧૭૬.

*

પ્રશ્ન :– ધર્મ કરવો હોય પણ કુગુરુ મળી જાય તો શું કરવું?

ઉત્તર :– અંદરની સાચી પાત્રતા હોય તો સાચા નિમિત્તો સહજ મળી જાય. સાક્ષાત્ ભગવાન મળી જાય. સિંહ જેવા પ્રાણીને પણ અંદરની પાત્રતા તૈયાર થતાં જંગલમાં આકાશમાંથી મુનિઓ નીચે ઉતરી બોધ આપે છે. પાત્રતા હોય તો નિમિત્તનો યોગ ગમે તેમ મળી જાય છે. અંદરની પાત્રતા હોય ને સાચો યોગ ન મળે એમ ન બને. ૧૭૭.

*

પ્રશ્ન :– શુદ્ધનયનો વિષય અંશ છે કે અંશી?

ઉત્તર :– નયનો વિષય અંશ છે.

પ્રશ્ન :– શુદ્ધનયનો વિષય પરિપૂર્ણ છે ને?

ઉત્તર :– પરિપૂર્ણ હોવા છતાં વર્તમાન પર્યાય વિનાનો હોવાથી તેને અંશ કહેવાય છે. પરંતુ એ અંશ ત્રિકાળી હોવાથી તે અપેક્ષાએ તેને અંશી પણ કહેવાય. ૧૭૮.

*

એકબાજુ જ્ઞાનસિંધુ છે ને બીજી બાજુ ભવસિંધુ છે. જ્યાં રુચે ત્યાં જા. ૧૭૯.

*–

પ્રશ્ન :– સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થવાય છે ને?

ઉત્તર :– સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થવાય છે તેનો અર્થ સવિકલ્પથી નિર્વિકલ્પ થાય છે તેમ નથી પણ નિર્વિકલ્પ થતાં પહેલાં હું શુદ્ધ છું, બુદ્ધ છું, જ્ઞાયક છું એવા વિકલ્પો આવે છે તેને પણ છોડીને અંદર અભેદ સ્વભાવનો આશ્રય લેતાં નિર્વિકલ્પ થાય છે ત્યારે તેને સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થયો તેમ ઉપચાર આવે છે – ઉપચારથી કહેવાય છે. ૧૮૦.

*

પ્રશ્ન :– સમયસાર ગાથા ૧૩ માં, નવતત્ત્વને ભૂતાર્થથી જાણતાં સમ્યગ્દર્શન થાય છે તેમ કહ્યું

છે ત્યાં ભૂતાર્થથી શ્રદ્ધેય કેમ નથી કહ્યું?

ઉત્તર :- જાણ્યા વિના શ્રદ્ધા થતી નથી તેથી ભૂતાર્થથી જાણેલ તેમ કહ્યું છે, કેમકે જાણે છે તેની શ્રદ્ધા થાય છે. જાણ્યા વિના શ્રદ્ધા થતી નથી. ૧૮૧.

*

પ્રશ્ન :- જાણવામાં ને શ્રદ્ધવામાં એક જ સમય છે કે સમય ભેદ છે?

ઉત્તર :- એક જ સમયમાં જ્ઞાન–શ્રદ્ધાન સાથે જ છે, છતાં જ્ઞાનને કારણ કહે છે અને શ્રદ્ધાનને કાર્ય કહે છે. ૧૮૨.

*

એક એક ગુણનું પરિણમન સ્વતંત્ર સીધું થતું નથી પણ અનંતગુણમય દ્રવ્યનું પરિણમન થતાં સાથે ગુણોનું પરિણમન થાય છે. એક એક ગુણ ઉપર દૃષ્ટિ મૂકતાં ગુણ શુદ્ધ પરિણમતો નથી પણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકતાં અનંતગુણનું નિર્મળ પરિણમન થાય છે–એમ કહીને ગુણભેદ ઉપરની દૃષ્ટિ છોડીને અનંત ગુણમય દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતાં દ્રવ્ય શુદ્ધરૂપે પરિણમે છે એમ કહ્યું. ૧૮૩.

*

પ્રશ્ન :- જ્ઞાન વિભાવરૂપ પરિણમે છે?

ઉત્તર :- જ્ઞાનમાં વિભાવરૂપ પરિણમન નથી. જ્ઞાન સ્વપરપ્રકાશક સ્વભાવી છે પણ જે જ્ઞાન સ્વને પ્રકાશે નહિ ને એકલા પરને પ્રકાશે તે જ્ઞાનનો દોષ છે. ૧૮૪.

*

પ્રશ્ન :- મિથ્યા શ્રદ્ધાના કારણે જ્ઞાન વિપરીત કહેવાય છે?

ઉત્તર :- મિથ્યા શ્રદ્ધાના કારણે જ્ઞાનને વિપરીત કહેવું એ તો નિમિત્તથી કથન થયું. જ્ઞાન સ્વપ્રકાશક હોવા છતાં સ્વને પ્રકાશતું નથી તે જ્ઞાનનો પોતાનો દોષ છે. ૧૮૫.

*

પ્રશ્ન :- સમ્યગ્દષ્ટિને શુભભાવ આવે છે તેમાં તે વખતે ઉદાસીન છે કે શુભભાવથી ખસીને આત્મામાં જાય તે ઉદાસીનતા છે?

ઉત્તર :- સમ્યગ્દષ્ટિને શુભભાવ આવે છે તેમાં તે વખતે ઉદાસીન છે અને તેમાંથી ખસીને આત્મામાં જાય તે તો વીતરાગતા છે જ પણ શુભભાવ વખતે પણ ઉદાસીન છે. ૧૮૬.

*

પ્રશ્ન :- સમ્યગ્દર્શન થયા પછી વિકારભાવ તે દુઃખરૂપ છે તેમ ખરો ખ્યાલ આવે ને?

ઉત્તર :- સમ્યગ્દર્શન થયા પછી વિકારનું દુઃખ ખરેખર ભાસે છે, પણ તે પહેલા પણ પર તરફ વલણ જાય છે તેમાં આકુળતા થાય છે, એટલો તો જિજ્ઞાસુને ખ્યાલ આવે છે, તેથી તે વિકારથી ખસીને સ્વભાવ તરફ વળે છે. ૧૮૭.

*

પ્રશ્ન :- સમ્યગ્દર્શન થયા પછી તત્ત્વની આ બધી વાત સમજવામાં આવે કે પહેલાં પણ આવે?

ઉત્તર :- સમ્યગ્દર્શન થયા પહેલાં પ્રયોજનભૂત નવતત્ત્વની બધી વાત લક્ષમાં આવે છે પછી અનુભવ થાય છે. વસ્તુનું સ્વરૂપ શું છે, મુનિપણું ને કેવળજ્ઞાન શું છે, હું કોણ છું, વિગેરે નવતત્ત્વનું ભિન્ન ભિન્ન સ્વરૂપ જે રીતે છે તે રીતે પહેલાં લક્ષમાં આવે પછી અનુભવ થાય છે. ૧૮૮.

*

## જીવને અધોગતિમાં જાવાનું કારણ - કુટુંબમોહ અને પરમાં મારાપણું !

### શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૫૧૦ પર પ્રવચન

- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



(ગતાંક થી આગળ...)

ચાલતા વિષયમાં શું ચાલે છે? કે, *''જીવ જો જરાય વિચાર કરે તો સ્પષ્ટ દેખાય એવું છે કે, ... આ જીવે,...''* આ જીવે એટલે મારા જીવે - **third person** નથી લેવો. મારા જીવે, *''...કોઈને વિષે પુત્રપણું ભાવી આ જીવે માઠું કર્યામાં મણા રાખી નથી,...''* (લોકો શું માનતા હોય છે કે) જુઓ! મારે તો બે-ચાર રોટલી ખાવી હોય પરંતુ પરિવારમાં આટલા છોકરા-છોકરી છે તો તેને માટે કાંઈક તો કરવું જોઈએ કે નહીં? તેમને માટે જે કાંઈ પણ કરે છે, તેમાં એટલો કર્મબંધ કરે છે.. એટલો કર્મબંધ કરે છે.. પોતાનું અહિત કરવામાં કોઈ કસર રાખતો નથી.

*''અને કોઈને વિષે પિતાપણું માનીને પણ તેમ જ કર્યું છે,...''* કોઈએ પુત્રને માટે કર્યું તો કોઈએ પિતા માટે કર્યું, કોઈએ ભાઈ માટે કર્યું તો કોઈએ પરિવારના બીજા-બીજા સભ્યો માટે કર્યું. *''...અને કોઈ જીવ હજુ સુધી તો પિતાપુત્ર થઈ શક્યા દીઠા નથી.''* કારણકે તે પણ એક જીવ છે. પરિભ્રમણ કરતો - કરતો પ્રારબ્ધયોગે અહીં સંયોગ થયો છે. ખરેખર તે કોઈ પિતા-પુત્ર હોતા નથી. અને એવું બને છે કે, દાદા હોય તે પૌત્ર બની જાય છે, શું કરશો? આજ તો દાદા છે એટલે કે પિતાના પિતા છે તે વૃદ્ધ થયા (અને મરીને) પુત્રવધુના પેટમાં આવી જાય તો શું કરશો ? અહીં આયુષ્ય પૂરું થયું કે આ બાજુ ગર્ભમાં ઉપજવું થઈ જાય. પછી એને દાદા કહેશું કે પૌત્ર કહેશું? શું કહેશો? ખરેખર કાંઈ નથી. તેમ છતાં પણ જેવો સંબંધ બંધાય છે તદ્નુસાર વ્યવહાર કરવામાં આવે છે. વ્યવહારની વાત જુદી છે. નિશ્ચયથી - વાસ્તવમાં કોઈ કોઈના પિતા-પુત્ર થઈ શકે નહિ.

*''સૌ કહેતા આવે છે...''* સંસારમાં તો બધાં એવો વ્યવહાર કરતા આવ્યા છે; *''...કે આનો આ પુત્ર અથવા આનો આ પિતા,...''* એમ કહેવાય છે અને એવો વ્યવહાર પણ હોય છે. *''...પણ વિચારતાં આ વાત કોઈપણ કાળે ન બની શકે તેવી સ્પષ્ટ લાગે છે.''* તે બની જ ન શકે. આ વાસ્તવિકતા છે. કેમ (બની ન શકે)? *''અનુત્પન્ન એવો આ જીવ તેને...''* (અર્થાત્) આ જીવને ઉત્પન્ન કરી ન શકાય. કોઈ જીવને નવો બનાવી શકાતો નથી.

*''અનુત્પન્ન એવો આ જીવ તેને પુત્રપણે ગણવો, કે ગણાવવાનું ચિત્ત રહેવું એ સૌ જીવની મૂઢતા છે,...''* બીજા જીવનો બાપ બનીને બેસી જાય તો જ્ઞાની કહે છે કે, તે જીવની મૂઢતા છે બીજું કાંઈ નથી. આ જીવની મૂઢતા છે, બીજું કાંઈ નથી. પિતાએ અધિકારબુદ્ધિ છોડી દેવી જોઈએ. અને

જો પુત્ર હોય તો પુત્રએ પણ પુત્ર તરીકેનું અધિકારપણું છોડી દેવું જોઈએ. તમે મારા પિતા છો માટે તમારી સંપત્તિમાં મારો અધિકાર છે – એ આપણું કામ નથી. વળી, તું મારો દિકરો છે માટે તારે મારી વાત માનવી પડશે – એ કામ પણ આપણું નથી. બન્નેએ વાત છોડી દેવી જોઈએ. તે સ્વતંત્ર જીવ છે, તેને સાચી વાત સમજાવો, તેના આત્મકલ્યાણની વાંછા રાખો – ભાવના રાખો! જો ઠીક થઈ જાય તો ઠીક છે, ન થાય તો આપણે હજુ ઘણું કામ બાકી છે. આપણું પોતાનું ઘણું કામ બાકી છે. ફુરસદ ક્યાં છે? બીજાનું લક્ષ કરવાનો પણ નિષેધ છે તો આગળની કોઈ વાત રહેતી નથી.

મૂઢતા એટલા માટે કહે છે, મૂઢતાનો શું અર્થ થાય છે ખબર છે? જે જીવ પોતે જ પોતાને નુકસાન કરે અને માને કે હું બરાબર કરી રહ્યો છું, એનું નામ મૂઢતા છે. મૂઢતા કોને કહે છે? કે, પોતે પોતાને નુકસાન કરીને પણ માને છે કે, હું બરાબર કરી રહ્યો છું – તે જીવની મૂઢતા છે. કારણકે અહીં તો એ વાત લીધી ને? કે, *"અનુત્પન્ન એવો આ જીવ તેને પુત્રપણે ગણવો..."* કે આ મારો પુત્ર છે અને પુત્રને એમ મનાવડાવવું કે તું મારો પુત્ર છો! ધ્યાન રાખજે, હું તારો બાપ છું ! અને તું મારો પુત્ર છો એ ભૂલી ન જતો. એવું ચિત્ત રહેવું, *"...તે સૌ જીવની મૂઢતા છે,.."* જ્ઞાની કરુણાથી કહે છે. જ્ઞાની જે કહે છે તે કરુણાથી કહે છે.

*"...અને તે મૂઢતા કોઈપણ પ્રકારે સત્સંગની ઈચ્છાવાળા જીવને ઘટતી નથી."* જે સત્સંગ કરે છે એવા જીવે, એવી ઈચ્છા ન કરવી જોઈએ. બીજાની વાત જુદી છે. જે સત્સંગમાં ન આવતો હોય, સત્સંગમાં આવતી વાતને ન સમજતો હોય, એવા સંસારી જીવો તો ગમે તેમ કરશે. કારણકે તેનો તો આ વિષય નથી. આ પ્રકારની સમજણ પણ નથી. આ પ્રકારની ચર્ચા–વાર્તા તે લોકોમાં હોતી નથી. જ્યારે આ વિષય જ તે લોકોનો નથી તો શું કરે? પરંતુ જે સત્સંગમાં આવે છે અને આ વિષયની ચર્ચા કરે છે કે, કુટુંબ પ્રતિબંધ શું ચીજ છે? એવું કેમ થાય છે? અને (પ્રતિબંધ) રહેવાથી જીવ અધોગતિમાં ચાલ્યો જાય છે, કેટલો મોટો અપરાધ છે, દર્શનમોહ તગડો થઈ જાય છે માટે તને કુટુંબ પ્રતિબંધ તો હોવો જ ન જોઈએ. તેણે તો ખાસ જાગૃતિ રાખવી જોઈએ.

*"જે મોહાદિ પ્રકાર વિષે તમે લખ્યું તે બન્નેને ભ્રમણનો હેતુ છે,..."* ત્રિભુવનદાસભાઈને પત્ર લખી રહ્યાં છે તો તેમને વ્યક્તિગતપણે કહે છે કે, તમે જે મોહાદિ પ્રકાર વિષે લખ્યું કે મને મારા પરિવારમાં આ પ્રકારે મોહ રહે છે. તો કહીએ છીએ કે, એ તો તમારી ભ્રમણા છે. આવી ભ્રમણા ન જોઈએ, એવી ભ્રમણા ન હોવી જોઈએ. *"...તે બન્નેને ભ્રમણનો હેતુ છે,..."* એટલે કે પરિભ્રમણનો હેતુ છે. જો તમે તમારા પરિવાર પ્રત્યે પોતાપણું રાખશો તો તે પરિભ્રમણનો હેતુ છે.

જુઓ! ધર્મ શું શીખવે છે? બહુ ધ્યાન દેવા યોગ્ય વાત છે. કુટુંબની વચ્ચે રહો અને કુટુંબમાં પોતાપણું ન કરો. ધર્મ એમ નથી કહેતો કે, તું અત્યારે કુટુંબ છોડીને ચાલ્યો જા, ઘર છોડીને નીકળી જા! અત્યારે એવું કહેતો નથી. પહેલા તું પોતાપણું છોડ પછી તને સ્વરૂપ સ્થિરતા માટે, આત્મકલ્યાણ માટે, સ્વરૂપમાં જામી જવા માટે, જો છોડવાનો અવસર આવશે તો તને કાંઈ વસમું નહીં લાગે. વસમું

નહીં લાગે કે, 'આ મારે છોડવું પડે છે, આ હું છોડું છું' એવું નહીં લાગે. પોતાપણું તો છૂટી ગયું છે તેથી પછી કોઈ આપત્તિ નથી રહેતી. આ ક્રમ છે. ત્યાગનો આ ક્રમ છે કે, પહેલાં તું પોતાપણું છોડ, પછી વસ્તુનો ત્યાગ આવે છે. પોતાપણું છોડ્યા પહેલાં વસ્તુનો ત્યાગ થઈ જ ન શકે, આવી જ ન શકે, બની જ ન શકે.

મુમુક્ષુ :- પોતાપણું કોના આધારે છોડવું?

પૂજ્ય ભાઈશ્રી :- સૌ પ્રથમ તો આત્મકલ્યાણની ભાવનાને આધારે છોડવું અને ભાવનામાં આગળ વધી સ્વરૂપજ્ઞાન થાય, ત્યારપછી પોતાના સ્વરૂપના આધારે છોડવું. સ્વરૂપમાં પોતાપણું કરવું. સ્વરૂપમાં પોતાપણું કરતા બધાં અન્ય જીવ તથા અજીવ પદાર્થોથી ભિન્નત્વ થઈ જ જશે. પરંતુ પહેલેથી અમે કહીએ કે તમે આત્માના આધારે પોતાપણું છોડો, તો તમારો એ પ્રશ્ન આવશે કે, આત્માને તો અમે જાણતાં નથી, સમજતા નથી, અનુભવ થયો નથી, તો કરવું શું? તમારી વાત તો સાચી છે. જેણે આત્માને જાણ્યો નથી તે આત્મામાં પોતાપણું કરશે કેવી રીતે? પોતાપણે પોતાને જાણ્યો નથી તો પોતાપણું થશે નહીં તો બહારથી ભિન્નત્વ પણ થશે નહીં. પરંતુ આત્મકલ્યાણની ભાવના તો કરી શકાય છે, ગમે તે પરિસ્થિતિમાં (કરી શકાય છે). તો તે ભાવનાને વશ પોતાપણાને ઢીલું કરી નાખો કે, મારે કલ્યાણ કરવું છે, જ્યારે આ પોતાપણું અકલ્યાણ કરાવે છે. અકલ્યાણ ન થવા દેવું હોય તો ઢીલું થઈ જશે. (થઈ શકે) કે ન થઈ શકે? બસ! પહેલી ભૂમિકા ભાવનાની છે, બીજી ભૂમિકા આત્મજ્ઞાનની છે, ત્રીજી ભૂમિકા આત્મસ્થિરતાની છે અને ચોથી ભૂમિકામાં તો ભગવાન બની જાય છે! પોતે જ ભગવાન બની જાય છે! મુનિદશા પછી (ભગવાન બની જાય છે). મુનિદશામાં બહારના બધાં સંબંધ છૂટી જાય છે. 'સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને, વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો' (અપૂર્વ અવસર કાવ્યમાં આવે છે). મહત્ પુરુષ એટલે તીર્થંકરાદિ મહાપુરુષોનો જે માર્ગ છે, તે માર્ગે અમે ક્યારે વિચરશું ? બધાં સંબંધના બંધન છોડી દેશું ત્યારે. તે પહેલાં (કુટુંબની) સાથે રહીને પોતાપણું છોડો. તમારી સામે મીઠાઈનો થાળ ભરેલો છે અને તેની સામે બેસીને મીઠાઈની મીઠાશ તોડવાની છે, શું? મીઠાઈનો ત્યાગ કરીને (મીઠાશ નહીં છૂટે). મીઠાઈની મીઠાશ એ રીતે (ત્યાગ કરીને) નથી તૂટી શકતી. (કોઈ એમ વિચારે કે) ચાલો ! ખાવી જ નથી. હું વીસ વર્ષથી મીઠાઈ નથી ખાતો. એ રીતે (રસ) નથી છૂટતો. પહેલા મીઠાઈની સામે બેસીને (મીઠાઈની) મીઠાશને છોડો કે, આમાં કાંઈ નથી. ધર્મની કાર્યપદ્ધતિ જ આ છે. તમારો રસ છૂટ્યા વગરનો ત્યાગ નિરર્થક છે. કારણકે રોગ તો અંદર રહી ગયો. તમે ઉપર-ઉપરથી પાટા-પિંડી કરી લીધી. પણ અંદરમાં તો સડો ચાલુ છે. દબાયેલો કષાય છે. કેવો છે? દબાયેલો કષાય છે.

(આગળ કહે છે) *''જે મોહાદિ પ્રકાર વિષે તમે લખ્યું તે બન્નેને ભ્રમણનો હેતુ છે,...''* તમે જે લખ્યું કે, મને મારા પરિવાર પ્રત્યે ઘણો મોહ રહે છે તો (આ મોહ) તો તમારું પરિભ્રમણ વધારશે. *''અત્યંત વિટંબણાનો હેતુ છે.''* પરિભ્રમણ એટલે શું ? બહુ જ વિટંબણાયુક્ત જન્મ-મરણ થશે.

અનેક પ્રકારના દુઃખ ભોગવવા પડશે.

*''જ્ઞાનીપુરુષ પણ એમ વર્તે તો જ્ઞાન ઉપર પગ મૂકવા જેવું છે,...''* જ્ઞાનીને પણ કુટુંબ પ્રતિબંધ allowed નથી, એમ કહે છે. જ્ઞાની પણ કુટુંબની વચ્ચે રહે છે (પરંતુ તેમને) કુટુંબ પ્રતિબંધની મનાઈ છે. છતાં કરે તો તે જ્ઞાન ઉપર પગ મૂકવા જેવી વાત છે. ગુજરાતીમાં *'જ્ઞાન ઉપર પગ મૂકવા જેવું છે'* એમ લખ્યું છે. હિન્દી ભાષામાં થોડો કડક શબ્દ વાપર્યો છે **'ठोकर मारने जैसा है'** જ્ઞાનને ઠોકર મારવા જેવી વાત થઈ ગઈ. જ્ઞાન તો (પરપદાર્થથી) ભિન્નત્વ કરે છે માટે જો તેમાં પોતાપણું કર્યું તો જ્ઞાન ઉપર પગ રાખ્યો. તે જ્ઞાનને ઠોકર મારી દીધી.

*''જ્ઞાનીપુરુષ પણ એમ વર્તે તો જ્ઞાન ઉપર પગ મૂકવા જેવું છે, અને સર્વ પ્રકારે તે અજ્ઞાનનિદ્રાનો હેતુ છે.''* એમ કરશે તો અજ્ઞાનનિદ્રા – મોહનિદ્રા આવી જશે. (તે) મોહનિદ્રાનું કારણ છે. તેથી જ્ઞાની પરિવારની વચ્ચે રહેતા હોવા છતાં પોતાપણું કરતા નથી.

કૃપાળુદેવ વેપાર અર્થે દુકાને જતા હતા, વેપાર કરતા હતા. (તો એક પત્રમાં શું લખ્યું છે)? કે, આ ફલાણા-ફલાણાનું દેણું ચૂકવી રહ્યાં છીએ. શું લખ્યું ? દેણું ચૂકવીએ છીએ. બાકી અમે અમારા પરિવાર માટે વેપાર કરીએ છીએ, એ વાત નથી. અમારા પ્રારબ્ધને ભોગવીએ છીએ. આટલું દેણું કર્યું હતું તે દેણું ચૂકવીએ છીએ. બાકી અમને કોઈ પૌદ્ગલિક વૈભવની અપેક્ષા નથી.

મુમુક્ષુ :– કૃપાળુદેવને દીક્ષા લેવાના બહુ ભાવ હતા છતાં તેમની બા રજા નહોતા આપતા તો ત્યાં શું લેવું?

પૂજ્ય ભાઈશ્રી :– એ પ્રકારની કરુણાનો ભાવ રહે છે. મા પ્રત્યે કરુણા આવી ગઈ, બસ! એટલી જ વાત છે. અંદરમાં દીક્ષાનું જે સાતમું ગુણસ્થાન છે, એટલો પુરુષાર્થ જો ચાલે તો કોઈ કોઈની રજા લેવા રોકાતુ નથી. પરંતુ જ્યારે તેમના પ્રત્યે કરુણાનો વિકલ્પ આવી ગયો તો તેટલો પુરુષાર્થ પણ આગળ ન વધ્યો.

મુમુક્ષુ :– આ પરિસ્થિતિને કુટુંબ પ્રતિબંધ કહેવાય કે નહીં?

પૂજ્ય ભાઈશ્રી :– બિલકુલ નહીં. જ્ઞાનીને કુટુંબ પ્રતિબંધ હોતો જ નથી. જ્ઞાની થતાં કુટુંબ પ્રતિબંધ છૂટી જાય છે. જ્ઞાનીએ પોતાના સ્વરૂપમાં એકત્વનો અનુભવ કર્યો છે. સ્વરૂપથી અભિન્ન અનુભવ કર્યો છે. તેથી પોતાના સ્વરૂપને છોડીને સર્વ જીવ અને સર્વ પદાર્થ પ્રત્યે ભિન્નત્વ થઈ ગયું. હવે જે બાહ્ય ત્યાગની વાત રહી તે પુરુષાર્થ આધીન હોય છે. જેટલો પુરુષાર્થ ચાલે તેટલો સહજ (ત્યાગ) થઈ જ જાય છે. અને નથી થતો તો થોડો વિકલ્પ રહી જાય છે. પછી ભાઈનો હોય કે માતાનો હોય કે પત્નીનો હોય કે કોઈ બીજાનો પણ હોય. એટલો વિકલ્પ રહી જાય છે પરંતુ તે પ્રતિબંધના રૂપમાં હોતો નથી. વિકલ્પ આવવો એક વાત છે, પ્રતિબંધ હોવો બીજી વાત છે. વિકલ્પ ચારિત્રમોહ છે, છતાં પણ ભિન્નત્વનો સ્પષ્ટ પ્રતિભાસ છે. ભિન્નપણું સ્પષ્ટ અનુભવગોચર છે. અને જે વિકલ્પ છે એનો નિષેધ પણ છે. એવી વાત છે. પ્રતિબંધવાળાને તો પોતાના દેખાય છે કે, આ

મારો દિકરો છે, આ મારા પિતા છે, આ મારી પત્ની છે, આ મારા પતિ છે, આ મારા છે... આ મારા છે... એમ જ દેખાય છે. (જ્યારે જ્ઞાનીને) 'આ મારા છે' એવું દેખાતું નથી. નજર, નજરમાં ફેર છે. ક્રિયા એક જેવી છે. અજ્ઞાની પણ પરિવારની વચ્ચે રહે છે અને જ્ઞાની પણ પરિવારની વચ્ચે રહે છે. પરંતુ બન્નેની નજરમાં બહુ મોટો ફેર છે.

એક દૃષ્ટાંત છે. આ જે બિલાડી હોય છે તે ઉંદરને પણ મોઢામાં પકડે છે અને પોતાના બચ્ચાને પણ મોઢામાં પકડે છે. તેની પાસે પકડવાનું સાધન તો મોઢુ જ છે. તેમ છતાં બન્નેની પકડમાં કેટલો ફેર છે! ઉંદરને પકડશે તો લોહી નીકળવા છતાં પણ છોડશે નહિ! એટલા જોરથી પકડશે કે ઉંદરને લોહી નીકળી જશે. જ્યારે પોતાના બચ્ચાને પકડશે ત્યારે તેને દાંત પણ ન વાગે એટલી બધી સાવધાની રાખશે ! બન્નેને મોઢેથી જ પકડ્યા છે. દેખાવ તો એક સરખો છે પરંતુ પકડ પકડમાં ફેર છે કે નહીં?

તે રીતે જ્ઞાની પણ દિકરાને એમ જ કહેશે કે, 'સારું બેટા! આમ કર, મારા દિકરા આવુ ક્યારેય ન કરતો. તું તો સમજદાર છો બેટા, તું કોનો દિકરો છો ? જો તો ખરો!' એમ પણ કહેશે!! છતાં પણ નજર નજરમાં ફેર છે. અજ્ઞાનીને તે પોતાનો દિકરો દેખાય છે. જ્ઞાનીને પોતાનો દેખાતો નથી. એમ વાત છે.

(આગળ કહે છે) *"જ્ઞાનીપુરુષ પણ એમ વર્તે તો..."* એટલે કે પોતાપણું કરીને વર્તે. *"..તો જ્ઞાન ઉપર પગ મૂકવા જેવું છે, અને સર્વ પ્રકારે તે અજ્ઞાનનિદ્રાનો હેતુ છે. એ પ્રકારને વિચારે બન્નેને સીધો ભાવ કર્ત્તવ્ય છે."* બન્નેને એટલે તમારે પતિ - પત્ની બન્નેએ પોતાના પુત્ર આદિ પ્રત્યે સીધો ભાવ કરવો. સીધો ભાવ કરવો એટલે તેને પોતાના ન સમજવા, પોતાપણું ન કરો. તેને પણ એક જીવ સમજો કે, જે જીવ સંસાર પરિભ્રમણ કરતા પ્રારબ્ધ યોગે આપણાં ઘરે સંયોગમાં રહે છે. તેથી વિશેષ તેના પ્રત્યે લાગણી ન રાખો.

*"એ પ્રકારને વિચારે બન્નેને સીધો ભાવ કર્ત્તવ્ય છે. આ વાત અલ્પકાળમાં ચેતવાયોગ્ય છે."* એટલે કે શીઘ્રતાથી ધ્યાનમાં લેવા યોગ્ય છે. ધીરે-ધીરે પોતાપણું છોડીશ - એમ વાત ન લેવી. હું કોશિશ કરું છું, હું પ્રયાસ કરું છું, મને પોતાપણું તો છે પરંતુ હું પોતાપણું છોડવાનો પ્રયાસ કરું છું, મારું (પોતાપણું) ધીરે-ધીરે છૂટી જશે, ધીરે-ધીરે મારું છૂટી જશે - એમ ન લેવું. શીઘ્ર છોડો. વસ્તુસ્વરૂપને જુઓ! વસ્તુનું જે સ્વરૂપ છે તે તો સ્પષ્ટ ભિન્ન છે. અસ્તિત્વ ક્યાં છે? શું પરિવારના કોઈપણ સભ્યમાં પોતાનું અસ્તિત્વ છે? નથી. શરીરમાં પણ અસ્તિત્વ નથી તો પરિવારની વાત તો ક્યાં રહી? શરીર પણ મારું કહ્યું માનતું નથી. માને છે? શરીર તો શું શરીરનો એક વાળ પણ નથી માનતો. વાળ કાળામાંથી સફેદ થાય છે તે કોઈનું માને છે? નહીં માને. પરમાણુ-પરમાણુ સ્વતંત્ર છે. જીવ-જીવ સ્વતંત્ર છે. બધાં અનંત ગુણના ધણી છે. બધાં અનંત શક્તિઓના ધણી છે. આપણે કોઈના ધણી થાવું નથી. ધણી થઈને રહેવું અને દુઃખી ન થવું, એ બે વાત બનવાની નથી ! ધણી થયો

કે એની ઉપાધિ આવી સમજો! ઉપાધિ નહીં છૂટે. ધણી થયો કે ઉપાધિ આવી સમજો!

અધિકાર અને ઉપાધિ એક સિક્કાની બે બાજુ છે. કોઈપણ પ્રકારનો અધિકાર રાખ્યો કે ઉપાધિ આવી જશે, જાઓ! માટે અધિકાર છોડી દેવો. આ અધિકાર છોડી દેવો, તે 'સીધો ભાવ કર્ત્તવ્ય છે' (તેનો અર્થ છે). તે સીધો ભાવ છે. અને અધિકાર રાખવો તે આડો ભાવ છે, તે સીધો ભાવ નથી.

*"આ વાત અલ્પકાળમાં ચેતવાયોગ્ય છે."* એટલે કે શીઘ્ર ચેતવા યોગ્ય છે. *"જેટલો બને તેટલો તમે કે બીજાં તમ સંબંધી સત્સંગી નિવૃત્તિનો અવકાશ લેશો તે જ જીવને હિતકારી છે."* કૃપાળુદેવ ત્રિભુવનદાસભાઈને જાણતા હતાં અને તેમના સંગમાં આવનારા સત્સંગી જીવોને પણ જાણતાં હતાં. (તેથી કહે છે કે) તમે અને તમારા સત્સંગી નિવૃત્તિ લ્યો તો સારી વાત છે. નિવૃત્તિ શેના માટે? કે, આત્મકલ્યાણને માટે. જેટલો બને તેટલો અવકાશ – એટલે જેટલી શક્ય હોય તેટલી. *"તે જ જીવને હિતકારી છે."* તે તમને હિતનું કારણ થશે.

(કહેવાનો) અર્થ એ છે કે, અમુક આયુષ્ય વીત્યા પછી પણ એટલે કે ૪૦-૫૦ વર્ષ થઈ ગયા પછી અને કેટલીક સંપન્નતા હોવા છતાં જો જીવ વ્યવસાયમાં લાગ્યો રહે છે તો તે કુટુંબમાં પોતાપણાને કારણે લાગેલો રહ્યો છે. હજી પણ મારે કુટુંબના કાર્યો કરવા છે... હજી પણ મારે કુટુંબના કાર્યો કરવાં છે... હજી પણ મારે કુટુંબના કાર્યો કરવાં છે... અરે...! તારું આયુષ્ય કેટલું ચાલ્યું ગયું તે તો જો! અને ક્યારે પૂરું થઈ જશે કોને ખબર છે? કોના ભરોસે (આ બધી) પ્રવૃત્તિ તું કરે છો? જ્ઞાની તેને કહેશે કે, તું નિવૃત્તિ લઈ લે. આ પોતાપણાને ઢીલું કરીને નિવૃત્તિ લઈ લે. તારી પ્રવૃત્તિ મમત્વને કારણે છે. પ્રવૃત્તિ છોડાવવા પાછળ મમત્વ છોડાવવાનો અભિપ્રાય છે. પરંતુ છોકરા line પર ન ચડ્યા હોય તો તેમને line પર ચડાવવા કે નહીં? (તો જ્ઞાની કહે છે) જો ભાઈ! બધાં પોતાનું પ્રારબ્ધ લઈને આવે છે. શું કોઈ દિકરાનું પ્રારબ્ધ એનો બાપ બનાવે છે ? એ ખોટી વાત છે.

વિદેશમાં તો આ વાત જ નથી. જો કે ત્યાં કોઈ મોહ છૂટી ગયો છે એમ વાત નથી. ત્યાં મોહ તગડો છે તેથી આ વાત છે. ત્યાં તો શું છે કે, મારી સંપત્તિ પૂરેપૂરી હું જ ભોગવું. છોકરાને પણ આપવી નથી. પરંતુ આપણે સીધી વાત લેવાની છે કે, એનો અર્થ શું થયો? કે, તે પણ પોતાનું પ્રારબ્ધ લઈને આવ્યો છે. તે પોતાના પ્રારબ્ધ અનુસાર કાર્ય કરશે. તેનું જે કાંઈ પણ થશે તે તેના પ્રારબ્ધ અનુસાર થશે. તેમાં કોઈ શું કરી શકે? કે કાંઈ ન કરી શકે. પોતાને મમત્વને કારણે જે લાગણી છે તે અધોગતિમાં લઈ જશે અને ત્યાં મોટી વિટંબણા આવી પડશે. (આ વાતને) હળવાશથી નહીં લેતા ગંભીર નુકસાનનું કારણ લેવું જોઈએ કે, જાણે હું કોઈ ગંભીર અપરાધ કરી રહ્યો છું, એમ લઈ લેવું.

અલ્પકાળમાં એટલે શીઘ્ર. અત્યારે જ જાગૃત થઈ જા! એમ કહે છે. ચેતવણી આપી છે. અત્યારે જ તું જાગૃત – સાવધાન થઈ જા! અત્યારે એટલે અત્યારે જ સાવધાન થઈ જા! જો તું પોતાપણું કરે છો તો અત્યારે ને અત્યારે સાવધાન થઈ જા! આટલું કામ પતાવ્યા પછી સાવધાન

થઈશ (એમ માનીને ચાલીશ તો) તું ક્યારેય (સાવધાન) થવાનો નથી. જેને અત્યારે નથી કરવું તેને ક્યારેય નથી કરવું.

જીવ આટલા મોટા નુકસાનને જોતો નથી તેથી મૂઢતા કહી છે. આટલા મોટા નુકસાનને નથી જોતો!! તો કેટલા કાળ સુધી તું પરિભ્રમણ કરીશ!! જો તેં આ વર્તમાન મનુષ્યભવ વેડફી નાખ્યો, ખોઈ નાખ્યો તો કેટલા લાંબા સમય સુધી - અબજોના અબજો વર્ષ સુધી તું જન્મ-મરણ કરતો રહીશ, પરિભ્રમણ કરતો રહીશ. શું આટલા મોટા નુકસાનને તું નથી જોતો? માટે કહે છે કે, અલ્પકાળમાં શીઘ્રતાથી સાવધાન થઈ જા! અને અંદરમાં ગુંલાટ ખાવી છે એમાં ક્યાં આપત્તિ છે? તને એમ ક્યાં કહીએ છીએ કે, તું કુટુંબને છોડીને ચાલ્યો જા! એમ તો કહેતા નથી. એક ચીજને પણ છોડવાનું કહેતા નથી. પરંતુ એક શરત છે કે, એક ચીજમાં પણ પોતાપણું કરવાનું નથી. એકેય ચીજને છોડવાની નહિ અને કોઈ ચીજમાં પોતાપણું કરવાનું નહીં!! જે ગુંલાટ ખાવી છે તે તો અંદરમાં ખાવાની છે, તેમાં તને શું આપત્તિ છે? બહારમાં કાંઈક કરવું પડે તો તો જોર પડે (પરંતુ) અંદરમાં ને અંદરમાં પરિણામ બદલાઈ જશે તો કોઈને ખબર પણ નહીં પડે. ખબર કોને પડશે ? કે, જેના ઉપર બહુ પ્રેમ કર્યો છે ને એને થોડી ખબર પડી જશે કે, અત્યારે આના ભાવમાં થોડો ફેર દેખાય છે. tone બદલાઈ ગયો છે. પહેલાં પણ આ જ નામથી બોલવતા હતાં અને અત્યારે પણ આ જ નામથી બોલાવે છે પણ tone માં કાંઈક ફેર પડી ગયો છે ! તેને ખબર પડી જશે તો પડવા દો! પડે તો પડવા દો!

મુમુક્ષુ :- તેના ગુરુને પણ ખબર પડી જશે.

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક છે, એમાં શું આપત્તિ છે? ગુરુને તો કાંઈ તકલીફ થવાની નથી. તકલીફ તો જેના ઉપર માયા-મમતા હોય છે તેના ઉપર માયા-મમતા ઓછી થતાં તેને થોડી તકલીફ થાય છે. પરંતુ સમજદારીથી કામ લ્યો તો કાંઈ આપત્તિ નથી. (સમય સમાપ્ત થયો છે. અહીં સુધી રાખીએ).

*

## કર્તૃત્વભાવની ભયંકરતા !!

મુમુક્ષુ : અનાદિકાળના આ તોફાન બધા ખોટે ખોટા? આ તોફાન બધા અનાદિકાળના મેં કર્યું, મેં દુકાન ચલાવી, મેં બંધ કરી...

પૂજ્ય ભાઈશ્રી : જન્મ-મરણ કરવાના તોફાન છે. પરિભ્રમણ કરવાના એ બધા મૂળ છે. એક મિથ્યાત્વના ભાવમાં અનંતા જન્મ-મરણ કરાવવાની શક્તિ છે. એક ક્ષણનાં મિથ્યાત્વભાવમાં અનંત જન્મ-મરણ કરાવવાની શક્તિ છે અને એક સમ્યક્દર્શનના એક ક્ષણના ભાવમાં અનંત જન્મ-મરણ તોડવાની શક્તિ છે! આ બે પરિણામ પ્રતિપક્ષભૂત છે, સામેસામા! હવે એની કિંમત કેટલી એમ સમજીને એનો વિવેક કરવા યોગ્ય છે. - પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



## 'સંજીવની મંત્ર'

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

જ્ઞાનીઓની તો નીતિ એવી છે. એ નીતિ અનુસાર મુમુક્ષુ ચાલે છે.

મુમુક્ષુ :- શું નીતિ છે?

પૂજ્ય ભાઈશ્રી :- કે કોઈપણ ઉદયને આત્મકલ્યાણ બાજુ વાળી લેવો. ગમે તે આવે. જાત તો બે છે ઉદયમાં – એક અનુકૂળતાની અને એક પ્રતિકૂળતાની. અથવા એકમાં શુભ પ્રકૃતિનો ઉદય છે, એકમાં અશુભ પ્રકૃતિનો ઉદય છે. પણ એ તો વ્યવહાર છે. પરમાર્થે અનુકૂળ-પ્રતિકૂળ કાંઈ છે નહિ. પરમાર્થે કહો, નિશ્ચયથી કહો, વાસ્તવિકતાથી કહો તો કોઈ અનુકૂળ-પ્રતિકૂળ છે નહિ. એ કલ્પના છે. ગમે તે હો. આત્મકલ્યાણ બાજુ વળવું. આત્મકલ્યાણના પ્રયત્નમાં જાગૃત અને સાવધાન રહેવું આ જ્ઞાનીઓની નીતિ છે. મુમુક્ષુ એનું અનુસરણ કરીને જ્ઞાની થાય છે. પછી જુઓ તમે કે તમને સંસારના કોઈ પ્રસંગમાં કાંઈ તકલીફ પડે તો કહો! કાંઈ નહિ પડેને! બીજા એમ કહેશે કદાચ તમને કે ભાઈ! તમને બહુ આકરો ઉદય આવ્યો હોં, તમને બહુ આકરો ઉદય આવ્યો. (તમને એમ લાગશે કે) ના! ના! એવું કાંઈ નથી. એ તો આવ્યો એ સારો આવ્યો છે. આવ્યો એ સારો આવ્યો છે. આત્મકલ્યાણ વધારે કરાવવામાં એણે મને મદદ કરી છે. એટલે મારો તો ઉપકારી છે. જે ઉપકારી હોય એને ખરાબ કેમ કહેવાય?


મુમુક્ષુ :- આભાર માનવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- આભાર માનવો જોઈએ. એટલે ઉદય માટે 'ભલે પધાર્યા'નું બોર્ડ મારી જ રાખવું. ઉતારવું જ નહિ. આંગણે બોર્ડ મારે છે ને? 'ભલે પધાર્યા'. પછી એમાં એમ લખ્યું છે? કે અમુક જણ ભલે પધાર્યા અને અમુક જણ ભલે ન પધાર્યા – એવું આપણે લખીએ? એવું લખાય? અને લખે તો સારું પણ ન લાગે. બધાને માટે ભલે પધાર્યા એમ જ આપણે કહીએ છીએ. એમ બધા ઉદય ભલે પધારે! આવવા દ્યો!

મુમુક્ષુ :- ભાઈશ્રી! બધા કહે છે ને અમને કોઈ મંત્ર આપો અમારું કલ્યાણ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- આ મંત્ર લે! આ મંત્ર છે. મંત્ર તો દેવાવાળા દ્યે છે, પણ લેવાવાળા લ્યે ત્યારે થાય ને! એવા સંજીવની મંત્રો છે આ બધા! **guaranteed.** ક્યાંય તકલીફ પડે તો કહી દ્યો. લાવો! કોઈ જગ્યાએ તમને તકલીફ પડે નહિ. કેવો સરસ માર્ગ છે! કેવો સરસ માર્ગ છે!

(પ્રવચનાંશ... 'સ્વાનુભૂતિદર્શન' પ્રશ્ન-૨૩૦, તા.-૧૬-૮-૧૯૯૭, પ્ર.ક્ર.-૧૭૨)



# 'માર્ગદર્શન'

–'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'– પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની

**સંગ કરવાનો ભાવ આવે ત્યારે પણ 'સંગ નથી કરવો' - તે ભાવ તો કાયમ (મુખ્ય) રાખીને જ સંગનો ભાવ થવો જોઈએ.** ('અંસગ જ છું' એવી દૃષ્ટિ રાખીને અથવા એવી દૃષ્ટિ કરવા અર્થે સત્‌સંગની ભાવના રહેવી જોઈએ.) (૪૩૧)

*

**વાસ્તવમાં દ્રવ્યનો** (ભાવભાસનપૂર્વક) **પાકો** (યથાર્થ) **પક્ષ આવી જવો જોઈએ. પર્યાયનો અનાદિનો પક્ષ છૂટી જવો જોઈએ.** (૪૩૮)

*

**પ્રશ્ન :– અંદરમાં તો કાંઈ દેખાતું નથી અને સ્થિરતા થતી નથી, તેથી સાંભળવાનો ભાવ (અભિપ્રાય) રહે છે શું કરીએ?**


**ઉત્તર :– આમાં તો વ્યવહાર શ્રદ્ધા પણ ન આવી. 'સાંભળવાનો અભિપ્રાય જ ન હોવો જોઈએ.'** (સાંભળવાનો રાગ થવો અને અભિપ્રાય થવો બન્નેમાં બહુ ફરક છે) **સાંભળતા જ આ તરફનો** (અંતર્મુખપણાનો) **પ્રયાસ ચાલુ થઈ જવો જોઈએ.** (તત્ત્વ શ્રવણના સંબંધમાં એવો અભિપ્રાય રહી જવો કે શ્રવણ કરતા–કરતા આત્મલાભ થઈ જશે તો તે સાધનવિષયક બુદ્ધિપૂર્વકની ભૂલ છે, જેથી ગૃહીત–મિથ્યાત્વ થાય છે. જેનો સાંભળતાંવેંત પ્રયત્ન ચાલુ થાય છે, તેવા વર્તમાન પાત્ર જીવને તેવી ભૂલ નથી થતી. તેમ જ સાંભળવાનો રાગ છદ્મસ્થઅવસ્થા સુધી સંભવ છે, તથાપિ યથાર્થતામાં કોઈપણ રાગનો અભિપ્રાય નથી હોતો. રાગ તથા રાગના અભિપ્રાયમાં દિવસ–રાત જેટલું અંતર છે.) (૪૩૯)

*

**વિચારતા રહેવાથી તો જાગૃતિ આવતી નથી. ગ્રહણ કરવાથી જ જાગૃતિ થાય છે. વિચારમાં તો વસ્તુ પરોક્ષ રહે છે અને ગ્રહણ કરવામાં વસ્તુ પ્રત્યક્ષ થાય છે. સાંભળતા રહેવાથી અને વિચારતા રહેવાથી તો વસ્તુની પ્રાપ્તિ થતી નથી.** (સ્વરૂપ) **ગ્રહણ કરવાનો** (– પોતાના અસ્તિત્વને રુચિપૂર્વક વેદન કરવાનો) **જ અભ્યાસ શરૂ થવો જોઈએ.** (મુમુક્ષુજીવને સામાન્ય ભાવનાથી તત્ત્વવિચાર ચાલે છે. વિચારવું તો બહિર્મુખ ભાવ છે, એમાં વસ્તુ પરોક્ષ રહે છે; અને એમાં સ્વયંના મહાન અસ્તિત્વની જાગૃતિ નથી હોતી. પરંતુ સ્વરૂપની અનન્ય રુચિમાં 'જ્ઞાનમાત્ર'ના વેદનથી પ્રત્યક્ષતાથી અસ્તિત્વ ગ્રહણનો પ્રયાસ થવો જોઈએ – એવા પ્રયાસથી અંતર્મુખતા પ્રાપ્ત થાય છે.) (૪૫૪)

*

# ‘તું પરમાત્મા છો’ - એમ નક્કી કર !



**તત્ત્વચર્ચા** મંગલવાણી-સીડી-૧૫-A, B

- પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

પ્રશ્ન :- માતાજી! ભાવભાસનની પરિણતિને સવિકલ્પદશાની જ્ઞાનની પરિણતિ સાથે સરખાવી શકાય?

ઉત્તર :- એને સહજ હોય છે. એને સરખાવી ન શકાય. હા એને હજી પ્રયાસ પૂર્વક હોય છે. જ્ઞાનીની દશા ક્ષણે ક્ષણે એને સહજ જ્ઞાતાધારા, એને યાદ નથી કરવું પડતું. આને યાદ કરવું પડે છે કે ભૂલી જાય છે. એકત્વ થઈ જાય, પછી યાદ આવે છે કે હું તો જુદો છું. એમ ભૂલી જાય, એકત્વ-તન્મય થઈ જાય કે હું જુદો છું. આ એકત્વ આમાં, આ એકત્વબુદ્ધિ કરવા જેવી નથી. એમ આ ભૂલી જાય છે. સહજ પ્રયાસ નથી એટલે. અને એ ભૂલતો નથી તો ક્ષણે ક્ષણે ધારા જેની ચાલે છે. જ્ઞાતાની પરિણતિ જ ચાલે છે એને તો. શાંતિમય, સમાધિમય જ્ઞાતાની પરિણતિ. જે ક્ષણે વિભાવ ઊઠે છે, તે ક્ષણે એને ન્યારી પરિણતિ યાદ કર્યા વગર સહજપણે ઊભી હોય છે. એને સહજ પ્રયત્નપૂર્વક ઊભી છે. પ્રયત્ન છે. સહજ પ્રયત્નથી ઊભેલી છે. પણ એને યાદ નથી કરવું પડતું કે આ વિકલ્પ આવ્યો અને પછી યાદ આવ્યું એમ નહિ. જે ક્ષણે વિકલ્પ કે વિભાવ જે રાગના કે દ્વેષના વિકલ્પ વખતે ન્યારી પરિણતિ એની ઊભી જ હોય છે. એનો બધો વિભાવ તરફથી રસ તૂટી ગયો છે. બધી રીતે રસ તૂટ્યો છે. અને એની જ્ઞાતાની ધારા સહજ ચાલ્યા કરે છે. એને યાદ નથી કરવું પડતું. અને સહજ પ્રયત્ન ચાલે છે.

પ્રશ્ન :- માતાજી! એક પ્રશ્ન છે કે ‘પૂજ્ય ગુરુદેવશ્રી’ના વચનામૃતમાં આવે છે કે હું જ પરમાત્મા છું એમ નક્કી કર. હું જ પરમાત્મા છું એવો નિર્ણય કર. હું જ પરમાત્મા છું એવો અનુભવ કર અને નકકી કર, નિર્ણય કર અને અનુભવ કર. એમાં ‘પૂજ્ય ગુરુદેવશ્રી’ શું કહેવા માગે છે? કૃપા કરીને સમજાવો.

ઉત્તર :- ‘ગુરુદેવ’ તો વારંવાર કહેતા હતા કે તું પરમાત્મા છો એમ નક્કી કર. પોતે અનાદિની વિભાવ ઉપર દૃષ્ટિ છે, પર્યાય ઉપર દૃષ્ટિ છે. માટે તું પરમાત્મા છો એમ નક્કી કર. એમ વારંવાર ‘ગુરુદેવે’ તો બહુ સ્પષ્ટ કરીને સમજાવ્યું છે. કે તું પરમાત્મા છો એમ નક્કી કર. જેવા ભગવાન છે એવો જ તું છો એવું નક્કી કર. કારણ કે તું તને ભૂલી ગયો છો. તું તો પરમાત્મા છો. આ પર્યાયમાં તું રોકાઈ ગયો, વિભાવદશામાં હું વિભાવરૂપ થઈ ગયો, હું શરીરરૂપ થઈ ગયો, મારામાં કાંઈ શક્તિ નથી. એવું થઈ ગયું. પણ તું પરમાત્મા છો. તારા સ્વભાવને તું ઓળખ. એમ ‘ગુરુદેવ’ને કહેવું હતું. વારંવાર કહેતા હતા કે તું પરમાત્મા છે.

ભગવાને કીધું છે તું પરમાત્મા છો. ‘ગુરુદેવ’ વારંવાર કહે છે વીતરાગ સર્વજ્ઞદેવની ધ્વનિમાં આવ્યું

છે. લાખો-કરોડો દેવોની હાજરીમાં ભગવાને કીધું તું પરમાત્મા છો. પણ તું પરમાત્મા છો એમ નક્કી કર. કે ભગવાન તમે પરમાત્મા છો એમ તો નક્કી કર. પણ ભગવાન પરમાત્મા ક્યારે નક્કી થાય? કે પોતે પરમાત્મા છે. એમ નક્કી કરે તો ભગવાન પરમાત્માને ઓળખશે. પોતાને ઓળખે એ ભગવાનને ઓળખે, ભગવાનને ઓળખે એ પોતાને ઓળખે છે. માટે તું પરમાત્મા છો એમ નક્કી કર એમ 'ગુરુદેવ' વારંવાર કહેતા હતા. અને એનો તું અનુભવ કર. એનો અનુભવ કરવાથી પરમાત્મા કેવા છે એવી તને અનુભૂતિ થશે.

અનંતકાળથી નિગોદમાં અનંતા ભવો કર્યા. અનંત ભવ નિગોદના કર્યા. બાકી ચારેય ગતિના ભવો કર્યા. એમાં તું તને ભૂલી ગયો. તારી પરમાત્માની શક્તિ તો એવી ને એવી છે. તારું સામર્થ્ય એવું ને એવું છે. તું અનંત શક્તિથી ભરપૂર દિવ્યમૂર્તિ દેવ છો. એને તું ઓળખ. એમ નિર્ણય કર, બરાબર નક્કી કરી અને પછી તું અંદરથી ભેદજ્ઞાન કરી વિકલ્પથી છૂટી અને એનો અનુભવ કર તો તને મુક્તિનો માર્ગ પ્રગટ થાશે. અને એ મુક્તિનો માર્ગ પ્રગટ થવાથી એ પરમાત્માનું સ્વરૂપ તને પૂર્ણ પ્રગટ થશે, પૂર્ણ પરમાત્મા થઈશ. તું શક્તિરૂપે પરમાત્મા છો એમ નક્કી કર તો એવી જાતનો પુરુષાર્થ ઉપડશે. નક્કી કર્યા વગર પુરુષાર્થ ઉપડતો નથી. જેમ સ્ફટિક સ્વભાવે નિર્મળ છે. એ કાંઈ સ્ફટિક મેલું થયું નથી. સોનુ અને પાષાણ બે સાથે હોય તોપણ સોનુ તે સોનુ જ છે. એમ તું પોતે પરમાત્મા છે. કર્મની સાથે રહ્યો. અનેક જાતના વિભાવ થયા. એવા અનેક જાતના અધ્યવસાયો થયા. તોપણ તું તો એવો ને એવો છો. માટે તું એને બરાબર નક્કી કર. સ્ફટિક સ્વભાવે નિર્મળ. લાલ ને પીળાને બધા ફૂલ દેખાય તો રાતુ-પીળું દેખાય પણ સ્ફટિક તો એવું ને એવું છે. એમ તું પરમાત્મા અનંત શક્તિઓથી ભરેલો છો. જેવા સિદ્ધ ભગવાન છે એવો જ તું છો. જેવા જિનેશ્વર દેવ સમવસરણમાં બેઠા. અંતર આત્માની સ્વાનુભૂતિ પૂર્ણપણે કરી રહ્યા છે. એની જેવી શક્તિ છે એવી જ તારી શક્તિ છે. તું પૂર્ણ સામર્થ્યથી ભરપૂર છો. એવા પરમાત્માનો મહિમા કર, એનો વિચાર કર, એને નક્કી કર. વિચારથી નક્કી કર તો તને બરાબર પરમાત્મા ઓળખાશે. અને પછી અંતરમાં જઈને એની અનુભૂતિ કર તો તને એ પરમાત્મદેવ ઓળખાશે. બહારથી નહિ. બાહ્ય દૃષ્ટિથી નહિ ઓળખાય. અંતરદૃષ્ટિ કર તો એ પરમાત્મા તને ઓળખાશે. એમ વારંવાર 'ગુરુદેવ' કહેતા હતા અને વારંવાર એમના વ્યાખ્યાનમાં એમ જ આવતું હતું કે તું પરમાત્મા છો એમ નક્કી કર.

(તત્ત્વચર્ચાનો શેષ ભાગ આવતા અંકે...)


## આભાર

'સ્વાનુભૂતિપ્રકાશ' (સપ્ટેમ્બર-૨૦૨૫, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણ રાશિ

**શ્રીમતી વંદનાબહેન રણધીર ઘોષાલ, કોલકાતા**

તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે,

જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.



# ક્ષમાપના

હે ભગવાન! હું બહુ ભૂલી ગયો, મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં. હે ભગવન્! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડ્યો છું. હું પાપી છું. હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું. હે પરમાત્મા! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું, અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું. નિરાગી પરમાત્મા! હું હવે તમારું, તમારાં ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારાં તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમે નિરાગી, નિર્વિકારી, સત્ચિદાનંદ સ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારાં કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ! હે સર્વજ્ઞ ભગવાન! તમને હું વિશેષ શું કહું? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છું છું. - ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

*


('શ્રીમદ્ રાજચંદ્ર' શિક્ષાપાઠ-૫૬ )

**ઉત્તમ ક્ષમાપના** (ભાદરવા વદ એકમ)

આજ દિન પર્યંત વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે તેમજ કોઈપણ જીવ પ્રત્યે જે કંઈ પણ અવિનય અને અશાતનાના પરિણામ થયા હોય તેની શુદ્ધ અંતઃકરણપૂર્વક ક્ષમા યાચીએ છીએ. વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે તથા વીતરાગ આપ્તપુરુષ દ્વારા બોધિત પરમતત્ત્વ પ્રત્યે સદાય શરણાગતપણે રહીએ એ આજના દિવસે ભાવના ભાવીએ છીએ.

-'સ્વાનુભૂતિપ્રકાશ' પરિવાર


## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' હિન્દી અને ગુજરાતી (નવી પ્રત)




વસ્તુ વ્યવસ્થાની સમજણમાં ગડબડ ન હોય અને પુરુષાર્થની જાગૃતિ માટે કોઈ શાસ્ત્ર વાંચવું હોય તો 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ' ઉત્તમ શાસ્ત્ર છે એમ કહી શકાય. બહુ ઉત્તમ શાસ્ત્ર છે! સમજણમાં દ્રવ્ય-ગુણ-પર્યાયની કે બીજી કોઈ ગડબડ ન હોય, વસ્તુ વ્યવસ્થાની સમજણ ચોખ્ખી હોય, હવે અંતરમાં પુરુષાર્થથી ઢળવું છે એ અંગે કોઈ વિશેષ નિમિત્તભૂત શાસ્ત્ર કોઈને જોઈતું હોય તો 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ' એને યોગ્ય શાસ્ત્ર છે.

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

(જે કોઈપણ મુમુક્ષુને આવશ્યકતા હોય તે મંગાવી શકે છે.)



## નવું પ્રકાશન
## 'અધ્યાત્મ પિપાસા' (ભાગ-૬)




પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાનો ગ્રંથ 'સ્વાનુભૂતિદર્શન' ઉપર અધ્યાત્મયોગી પરમોપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો, 'અધ્યાત્મ પિપાસા'ની શ્રેણીનો ભાગ-૬ (ગુજરાતી) પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના આગામી ૯૩માં જન્મજયંતિ મહોત્સવ પ્રસંગે, તા. ૨૮-૧૧-૨૦૨૫ના દિવસે પ્રકાશિત કરવામાં આવશે. આ ગ્રંથની મર્યાદિત નકલો છપાવવાની હોવાથી જે મુમુક્ષુઓ તરફથી વ્યક્તિગત માંગણી આવશે તેટલી જ નકલો પ્રકાશિત કરવામાં આવશે. માટે જે કોઈ મુમુક્ષુઓને પુસ્તકની આવશ્યકતા હોય તેઓએ પોતાની નકલ તા. ૩૦-૧૦-૨૦૨૫ સુધીમાં નીચેના નંબર પર રજીસ્ટર કરાવી લેવા વિનંતી.

– શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ

શ્રી નીરવ વોરા ૯૮૨૫૦ ૫૨૯૧૩

***REGISTERED NO. : BVHO - 261 / 2024-2026***
***RENEWED UPTO : 31/12/2026***
***R.N.I. NO. : 69847/98***
*Title Code : GUJGUJ07425*
***Published : 10th of Every month at BHAV.***
***Posted at 10th of Every month at BHAV. RMS***
***Total Page : 20***

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'



... દર્શનીય સ્થળ ...

## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.

સંપાદક : રાજેન્દ્ર જૈન **-09825155066**

Printed Edition : **1220**
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

9374825041